**બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓની હડતાળ સમયના પગાર અંગે શિક્ષણ વિભાગનો તાઃ ૦૩-૦૮-૨૦૦૨નો ઠરાવ.**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,

**ઠરાવ ક્રમાંકઃ** ..........................................

સચિવાલય, ગાંધીનગર

તાઃ ૦૩/૦૮/૨૦૦૨.

**વંચાણમાં લીધાઃ**

(૧) ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિનો તાઃ ૦૯-૦૧-૦૧ નો પત્ર.

(૨) આ વિભાગનો પત્ર ક્રમાંકઃ બમશન-૧૩૨૦૦-૨૩૨૦-ગ, તાઃ ૦૪-૧૦-૨૦૦૧.

**ઠરાવઃ-**

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓન
શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફ બે તબક્કે હડતાળ પર ગયા હતા તે બાબતમાં ઉપર આમુખ ક્રમાંકઃ (૧) મ
જણાવેલા તેમના ખાતે લેણી કોઈપણ પ્રકારની રજા, પરચૂરણ રજા કાપી લઈને હડતાળનો પગાર ચૂકવી આપવ
સરકારશ્રીમાં રજૂઆત કરેલ હતી. આ બાબત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને
અંતે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓનાં
તાઃ૨૧,૨૨,૨૩-૧૨-૨૦૦૦ સુધી (ત્રણ દિવસ) અને તાઃ ૨૮-૦૮-૨૦૦૧ થી તાઃ ૧૨-૦૯-૨૦૦૧ સુધી (૧૬ દિવસ
દરમિયાનના પ્રસ્તુત બંને હડતાળના સમયના જેટલા દિવસો હતા તેટલા દિવસોની તેમને મળવાપાત્ર કોઈ પણ
પ્રકારની રજાઓ કાપી લઈ, હડતાળના સમયની રજાનો પગાર ચુકવી આપવાનું આથી સરકાર ઠરાવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તારીખઃ ૦૨-૦૮-૨૦૦૨ ની નોંધથી
મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**સહિ/- અવાચ્ય**
**(બી.એ.પટેલ)**
**સેક્શન અધિકારી,**
**શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર**

Scanned with CamScanner